| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Gandhinagar |
| DATE : | 13/10/2023 |
| PAGE : | 3 |

### EDIIખાતે લેક્ચરમાં હિમાચલ પ્રદેશના રાજ્યપાલે કહ્યું કે,

# આપણી અને દેશની એચિવમેન્ટ એક સાથે સુસંગત થાય તે જ અમૃત કાળ છે



**ગાંધીનગરઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લાએ 'અમૃત કાલ કા ભારત' પર સ્પેશિયલ લેક્ચર આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું કે, ભારત માત્ર એક માર્કેટ નથી, તે ઈનોવેશનનું ગ્રાઉન્ડ છે. ભારતની ઘણી એચિવમેન્ટ્સ છે. જેમ કે, ફિસ્કલ ઈવોલ્યુશન, શિક્ષણમાં સફળતા, ટેક્સસેશન ઈવોલ્યુશન વગેરે. આપણી એચિવમેન્ટ્સ દેશની એચિવમેન્ટ્સ સાથે સુસંગત થાય તે જ અમૃત કાળ છે. આંત્રપ્રિન્યોરશિપ એ સમૃદ્ધ અર્થતંત્રની કરોડરજ્જુ છે. EDIIના ડીજી ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે, ભારતની પ્રોગ્રેસિવ પોલિસીસ અને ઈનિશિએટિવ્સ ગેમ ચેન્જર્સ છે. ઈન્સ્ટિટયૂટના પ્રોગ્રામ્સ વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયો સાથે મળીને યંગસ્ટર્સ, વીમેન, કારીગરો, ટેક્નોલોજિસ્ટ્સ વગેરે માટે ઓપોર્ચ્યુનિટીનું સર્જન કરે છે. ત્યારે, EDIIના ગવર્નિંગ બોર્ડ મેમ્બર ડો. મિલિન્દ કાંબલેએ કહ્યું કે, ન્યૂ એજ્યુકેશન પોલીસીએ અમૃત કાળના ભારતનો સૌથી મજબૂત સ્તંભ હશે. લેક્ચર બાદ રાજ્યપાલે એકેડમીયા, સરકાર અને મહેમાનો સાથે એકેડેમિક અને ઈન્સ્ટિટ્યૂટની ભૂમિકા જેવા વિષયો પર ચર્ચા કરી હતી.